# <u>સાફલ્ય ગાથા</u>

## ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ – જિ. જૂનાગઢ

| | | |
|---|---|---|
| ૧ | યોજનાનું નામ | સીધા ધિરાણ યોજના<br>(વિડીયો ગ્રાફી/ ફોટો ગ્રાફી ધંધા/વ્યવસાય માટે) |
| ૨ | લાભાર્થીનું નામ, સરનામુ અને ભણતર | માંડવીયા હરેશભાઇ દયાળભાઇ (ધો.૮ પાસ)<br>મુ.તા.જૂનાગઢ, ગોધાવાવની પાટી, વાલ્મીકીવાસ,<br>પીરની દરગાહ સામે, જિ.જૂનાગઢ |
| ૩ | લાભાર્થીની યોજનાનો લાભ મળ્યા પહેલાની સ્થિતિ | જેઓની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નબળી હોવાના કારણે એક ગેસ્ટ હાઉસમાં મન્થલી રૂ.૧૫૦૦/-ના વેતનથી નોકરી કરી ગુજરાન ચલાવતા હતા. |
| ૪ | યોજના અંતર્ગત મળેલ લાભની વિગત | વર્ષ ૨૦૧૦ માં ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ ગાંધીનગર દ્વારા તેઓને વ્યકિતલક્ષી સીધા ધિરાણની યોજના હેઠળ વિડીયો ગ્રાફી ધંધા/વ્યવસાય માટે રૂ.૧,૦૦,૦૦૦/-ની લોન આપવામાં આવેલ છે. |
| ૫ | યોજનાનો લાભ મળ્યા બાદ થયેલ લાભની વિગત તથા તેના જીવનમાં આવેલ બદલાવની વિગત | ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ ગાંધીનગર દ્વારા મેળવેલ લોનમાંથી તેઓએ વિડીયો ગ્રાફી/ફોટોગ્રાફી માટે જરૂરી કેમેરો તથા કોમ્પ્યુટરની ખરીદી કરેલ છે. જે ચલાવી સારી રીતે ધંધો/વ્યવસાય કરે છે. તેમજ મન્થલી રૂ.૨૫૦૦૦/- થી ૩૦૦૦૦/- સુધીની આવક મેળવે છે. તેમજ વિડીયો ગ્રાફીના ધંધા/વ્યવસાયની આવકમાંથી અન્ય નવા કેમેરાઓ તથા એસેસરીઝ વસાવેલ છે તથા જૂનાગઢ શહેરમાં એક પ્લોટ ખરીદી મકાન બનાવેલ છે. તેમજ એક ફ્લેટની ખરીદી કરેલ છે. તેવું તેઓ જણાવે છે. હાલે તેઓ સીનોમેટોગ્રાફી તથા વેડીંગ ફીલ્ડમાં તેમજ કંપનીઓમાં પાર્ટીઓના શુટીંગનું કામ પણ કરે છે. વેડીંગ ફીલ્ડમાં એક દિવસના વિડીયો શુટીંગ/ફોટોગ્રાફીનો એક દિવસનો ચાર્જ રૂ.૧૨૦૦૦/- સુધી મેળવે છે. તેમજ લોન સંપુર્ણ ભરપાઇ કરેલ છે. જેથી તેઓ પ્રાઇવેટ નોકરી છોડી નવા ધંધા/વ્યવસાય તરફ પ્રેરિત થયા છે. તેમજ તેમના બાળકો સારી ઇગ્લીશ મીડીયમ સ્કૂલમાં અભ્યાસ કરે છે. આમ હરેશભાઇ તથા તેમનો પરિવાર ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના સૌજન્યથી સારા માન સભર વ્યવસાય તરફ વળ્યા છે. તેમજ તેમના જીવનધોરણમાં સુધારો થયો છે. |
| ૬ | લાભાર્થીનું કવોટ (સંભવ હોય તો) | - |
| ૭ | લાભાર્થીનો સોફ્ટ કોપીમાં યોગ્ય ફોટો (પાસપોર્ટ સાઇઝ નહી)<br>લાભ/સાધન/સહાયની સાથેનો હાલનો ફોટો |  |